[illegible]


[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]



અમદાવાદ

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

ઇસ્વર સ્તુતિ ગિતિ

જય જય જય જગ કરતા, સહાય થજે તું સુવાણી ઉચરવા;
ખાંગળ પાડ નજાણું, રચું નકામો ઠાઠ આ ઠરવા.

પ્રકરણ ૧ લું

ભાષણના આરંભે સ્વજ્ઞાતિજનોને નમૃતા પૂર્વક વિનંતિ

અહો સુભાગી ટાળક દ્વિજ જનો, આજે હું તમારી આગળ એક અલ્પ સુભાષણ
કરવાને ઉભો થયોછું. પણ મારી અલ્પ મતિ અને આવા કામમાં ઊંડાં ઉતરવાની પુરતી
વખતની જોગવાઇ નહિ, એ બંને ખામી ઓને લીધે કદાચ હું કાંઇ ભુલ કરૂં તો તમો સજ્જનો
મારી તે ભુલ સામું નહિ જોતાં કંઇ ગુણ હોય તે ગ્રહણ કરવામાં દીલ લગાડશો.

હે! પ્રિય સ્વજ્ઞાતિ જનો હું આજે જે વિષય ઉપર બોલવા માગુછું, તે વિષયતો એજ
છે કે, આપણી જ્ઞાતિભાઓની પડતી સ્થિતિ આવવાનાં શાંશાં કારણો છે; તેમાંથી કેટલાંક હાલ
આ મંડળીને દર્શાવવાં કે જેથી કરીને આગળ ઉપર આમંડળીના કેટલાક સભાસદોને
એવા વિષયો ઉપર નિબંધો રચી લાવવાને જેમ અનુકૂળ પડતું જાય તેમ વિચારમાં લેવાને
ઠીક પડે. મારૂં આ બોલવું કેટલક સભા સદોને જરા વિવેકથી ઉલટું તો લાગશે, કેમકે દરેક
નવો સભાસદ જયારથી મંડળીમાં દાખલ થાયછે ત્યારથીજ આ મંડળીનો હેતુ શો છે
તે શારી પેઠે સમજેછે. એટલે કયા કયા વિષયો ઉપર નિબંધો રચવાથી સ્વજ્ઞાતિ જનો ને
સાંભળવાથી લાભછે, તે દરેક સભાસદ પોતાની મેળેજ સમજે છે તોપણ જ્ઞાતિભાઓની પડતી
સ્થિતિ આવવાનાં કેટલાંક મુખ્ય મુખ્ય કારણો ટીકા સહિત હું આ જગાએ કહી સંભળાવું
છું તે વિશે લક્ષ આપશો.

દોહરા

ઉંચો ટાળક ઉધથી, સુણવા પડતી પ્રકાર;
ઉપાય શોધો એહનો, સંપીલા થૈ પાર. ૧
પડતીનાં કારણ ઘણાં, પણ એમાંથી બાર;
મુખ્ય મુખ્ય હું વર્ણવું, અનુ ક્રમે આ

પ્રકરણ ૨

હાલ કાળની સ્થિતિને અનુસરી તન

પ્રિય સ્વજ્ઞાતિ બંધુઓ
બુદ્ધિમાન

બાળકોને ટળવળતાં મુકી ચોમાસાના દિવસોમાં ઘણે દૂર દૂર સુધી મૂર્ખ એ
ચારથી પૂજન કરવા, કથા કહેવા કે બામઠી નિશાળો ભણાવવા જવુ પડેછે
વખત ગુમાવીને ઘેર આવ્યાપછી પણ પોતાને અને પોતાની બૈરી છોકરાંને
વસ્ત્ર મળતાં નથી તો સારાં સારાં આભુષણકે રહેવાને સુંદર ઘરકે બેસવાને વાહન
ક્યાંથીજ મળે! આ અડચણ વખતને અનુકૂળ સુવિદ્યા શિખેલાઓને પડતી નથી તેમ
નાત્ય નોકરી કરવાને પણ ઝાઝી દરકાર રહેતીનથી. માટે હે પ્રિય બંધું જનો તમો અને
તમારાં બાળકોને સુવિદ્યા તથા સુહુનર શિખવો કે જેથી કરી તેઓ તમારા જેવી
સ્થિતિ કરતાં વધારે સારી સ્થિતિમાં આવે.

દોહરા.

ટોળક દ્વિજ સોપ્રિતપથી, કરવા વિદ્યા ભ્યાસ;
રટણ રાત્ય દિવસકરો, પ્રભુપૂરશે આશ. ૩

પ્રકરણ ૩ જું.

વિદ્યા, કળા તથા પૈસે અને આબરૂએ એક બીજાંથી ચઢી
આતા થવાનું નઇચ્છતાં એક બીજાને તોડી પાડવાની ખોટી ઇચ્છા.

હાલના ઘણા ખરા ટોળક દ્વિજ જનો પોતાના જ્ઞાતિભાઈઓમાંથી કોઈ વિદ્વાન કે ધનવાન
થયાતો પોતે ઉદ્યોગ કરીને તેનાથી વધારે સારસ થવાની તજવીજ નહી કરતાં તેવા ઓને
પોતાના જેવા અવિદ્વાન તથા નિર્ધન થાયતો તેમાં તેઓ ખુશી હોય તેમ લાગેછે. કેમકે
મારા જોવામાં એવા ઘણા જ્ઞાતિભાઓ આવેલા છે કે તેઓ આપણી જ્ઞાતિના કોઈ નવીન
નિપજેલા ધનવાન કે વિદ્વાનની પુઠ પાછળ તેની નિંદા કરતાજ હોય; અને તેનું સુખ જોઈ
પાતે સંતાપતાજ હોય. વળી અધુરામાં પૂરૂ એવા વિદ્વાન કે ધનવાનની બૈરી છોકરાંમાંથી
કોઈએ કાંઈ નવીન વસ્ત્ર કે આભુષણ પહેરેલું હોયતો એઓની કુથલી નોતો કોઈ કેડોજ
કે. ને તેથી જો કોઈ ભલું માણસ હોયતો તે આ ભુષણ કે વસ્ત્ર પહેરવું બંધજ કરીને
...ો છુટકો થાય. આ ઉપરથી આપણી નાતમાં આ એક સાધારણ ચાલ પડી જવા
...ઈ ગમે તેટલો સુખીથાય, તોપણ પોતાની સ્ત્રીને સોને ચુડો મઢાવતી
...બધી દુઃખ દાયક વાત છે કે સ્ત્રીઓ તે દરેક ઘરની તેમજ કુટુંબની
...થા સુભુષણ વગર સણગારને બદલે અંગાર જેવી લાગેછે.
...નપોદનોને એકજ વાડીમાં પાસે પાસે જમવા
...નપોષણો ઘણીસારી દીપી નિકળતી હતી પો
...ે ટોળકિયોણી સુવસ્ત્રો તથા સુઆ
...જમણ પણ ટોળકીયાઓ
...। હલકામાં

દોહેરા.

સરસ થવા એકેકથી, ટોળક ધરે ઉમંગ;
અહો સુઉદ્યમ હાથમાં, થયો ન આરાભંગ.

પ્રકરણ ૪ થું.

કુસંપથી એક બીજાના છિદ્રો ખોળી કહાડી નિંદા કરવાની.

કુટેવ.

સદ ગૃહસ્થો કુસંપ તે દરેક ઘરનો, કુટુંબનો ને ન્યાતનો કટ્ટો દુશ્મન છે, એણે ઘણાં મોટા મોટા રાજ્યોના ધાણા વાળયા છે. એનાથી ઘણા કુટુંબોના તેમજ ન્યાતોના નહાના નહાના ભાગો પડી ગયા છે. અને એજ કટ્ટા દુશ્મને આપણા વડવાઓના વારામાં જે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને સુદ્ર એ ચાર ન્યાતો હતી તેમાંથી આજે હજારો બલકે ગણી નહિ શકાય તેવી તેવી એકમાંથી અનેક નાની નાની ન્યાતો ને વળી ન્યાતોમાંથી તડ પાડી દીધાં છે, ને તેથી કરીને એકટા દુશ્મન કુસંપ ભાઇયે દરેક ઘરમાં, દરેક કુટુંબમાં તથા દરેક ન્યાતમાં પોતાનું ઘર ઘાલી દીધું છે. તેથી એવા દરેક ગામનાં, કસ્બના, શહેરના કે દેશના સર્વ કોઇ જનો એક બીજાનુ સુખ નહિ ઇચ્છતાં એક બીજાના છિદ્રો ખોળી કહાડી હલકા પાડી દેવાને, નિંદ્યા કરવાનો એટલે આદણી કરવાનો ધંધો લેઇ બેઠા છે, ને તેથી કરીને એવા આદણી કરનારાઓની સંખ્યામાં પણ ઘણોજ વધારો થઇ ગયો છે. તેથી કરી આપણી સભા જેવું બાંધું દરેક સ્વજાતીમાં વિદ્યા તથા નીતિનો ફેલાવો કરવાનું મહાભારત પરમાર્થી કામ ગાથે. લેવાને કોઇપણ માણસની હિંમત ચાલી શકતી નથી. માટે હે પ્રિય સ્વજાતિ જનો તમે એમ નહિ ધારતા કે આપણી સ્વજાતિમાં જ્ઞાતિલાનુ ભલું કરી શકે તેવા પરાક્રમી તથા વિદ્વાન પુરૂષો થયા નથી. થતા નથી, હાલ છે નહિ ને હવે પછી થનાર નથી. એમ [illegible] હાલમાં ધારતા નહી, કેમકે એવા પરોપકારી સ્વજાતી શુભેચ્છક હાલ ઘણા છે [illegible] કેટલાં ઘણા થઇ ગયા છે, ને હવે પછી ઘણાંજ થશે, માટે હે સ્વજાતી ભ્રાતાજનો હવે જરા જાગૃત થાઓ, હાલનો વખત બદલાઇ ગયો છે, કેમકે દયાળું [illegible] રકારની કૃપાથી હાલમાં ઠેકાણે ઠેકાણે મહા પાઠ શાળાઓ તથા શાળાઓ છે. તેના પ્રતાપથી કેળવણીનો લાભ લેઇ સારા દરજ્જા ઉપર ઘણા [illegible] ગેલા છે ને તેમના દીલમાં જ્ઞાતિજનોનું ભલું ઇચ્છવાના સંપૂર્ણ વિચાર [illegible] કુસંપ હોવાથી એક બીજાના છિદ્રો ખોળી કહાડી નિંદ્યા કરવાન [illegible] તેઓ કંટાળી ગયા છે, તેથી સ્વજાતિના ભલા સારૂ એકાદ [illegible] લેતા નથી તેથી આપણા ટોળકીપાને મોટું નુકસાન છે. આને આરામ્ભ કરનાર કુસંપ [illegible] માંથી [illegible] આપણ [illegible]

…ની ધની પ્રજાને કંઈ લાભ થાય એવા ઉપાય કામે લગાડો.

દોહરો.

ટોળકમાં ટોળી તજો, સજો સુસંપ સદાય;
હાંકો અરી કુસંપ હતો, ઠીક સુધારો થાય.

प्रकरण ५ मुं.

નાત મેળાવડા કરવાના અતિ ઉત્તમ ચાલનો ખોટો ઉપયોગ કરવાની ધિક્કારવા જોગ વર્તણુંક.

સુજ્ઞ જ્ઞાતિભાઈઓ, આપણા બાપ દાદા કંઈ મૂર્ખ ન હોતા કે હજારો રૂપિઆ ખરચીને નાતના મેળાવડો ભરવાનું નકામું ખરચ કરવાનો ખોટો રીવાજ આપણા ટો-ળીમાં દાખલ કરે; કેમજે એવા મોટા મેળાવડા કરવાનો જે વૃદ્ધ પ્રથમ ચાલ કહાડયો હશે તેણે ઘણાજ ઊંડાને ગંભીર વિચારથી સ્વજ્ઞાતિ જનોમાંથી વિદ્વાન મહાપુરૂષોનો એક બી-જાને સમાગમ થવાથી વિદ્યા વિગરેનો એક બીજાને જૂદા જૂદા અનુભવોના અરસપરસ લા-ભ આપવા તથા એક બીજાના પરસ પર સ્નેહની ગાંઠ મજબુત બેસાડી આખા ટોળાનું ભલું ઇચ્છવાના વિચારો ઘણા માણસો ભેગા મળી કરવાને ઠીક પડે, વિગરે મતલબથી કહાડયો હશે, પણ હાલમાં એ અસલના રીવાજની મૂળ મતલબ ઊંચી વાળી દેઈ કેટલાક સ્વાર્થીયા તથા એકલપેટા સ્વજ્ઞાતી જનોએ મિથ્યા કુળાભિમાનમાં એ મેળાવડાનો સારો ઉપયોગ નહિ કરતાં નાતની કુથલી કરવામાં તથા કન્યા આપલે કરવા વિગરેમાં ખોટો ઉપયોગ કરવા માંડયો છે, ને તે-થી કરી એ મહા મુલ્યવાન નાત મેળાવડામાં ખરચેલો પૈસો બરબાદ જાયછે, ને તેનો કંઈ પણ સારો લાભ થતો નથી. માટે પ્રિય સ્વજ્ઞાતિ જનો હું તમને એમ કહેવા માગતો નથી કે તમો એ મેળવડા કરવા બંધ કરો, પણ એ મેળાવડામાં જે સદ્ગૃહસ્થોને નોતરો તે એકઠા થએથી કંઈપણ સ્વજ્ઞાતિના લાભમાં એ મેળાવડાના વખતનો સઘળો …ળ ખરચે તેવા છે કે નહિ તેનો પ્રથમ વિચાર કરી મેળાવડો ભરજો, નહિતો નાતની …લી કરનારારા તથા નાતમાં ટંટા ઘાલનારા, તમાકુના ફાકડા મારનારા સેલાણી જીવડા એકઠા કરી ખવડાવવાનો તો ખરચ કરવો તે એક હજાર હાથના પાણી વગરના …ાં પૈસા નાંખી દીધા બરાબર વ્યર્થ જવાના તે નકી જાણજો. કેમકે જેમ … ઉપયોગ કરીએ તો તે આપણને મીઠાં મીઠાં ભોજન જમાડી શકે? … જો તેનો ખોટો ઉપયોગ કરીએ ને તેને કબજામાં નહિ રાખીએ તો … તેઆને બાળી પ્રળયકરી નાખેછે, તેમજ આપણા નાત મેળાવડા …રીએ તો તેથી આપણી નાતને સુખી કરવાને જરૂરના બંદોબસ્ત …દ્વાન તથા નઠારા માણસોથી ભરીશું તો નાતમાં ટંટા વધતા રહેશું બરબાદ જશે સ્વજ્ઞાતિ ભાઈઓ કેવા દાર થઈ

દોહરા

નિત્ય ન્યાત મેળાવડા, ભેગા કરવું શું ભાઇ;
નોતરજો વિદ્વાનને, મળશે સરસ વડાઇ. ૧

વળી એવા વિદ્વાનજન, કરશે મળી વિચાર;
શા ઉપાયે સુધરે, ન્યાત આપણી યાર. ૨

કોઇ રહે કંગાલ નહિ, નોકર રહે ન કોઇ;
વિદ્યા હુન્નર શિખિને, રહે સુ ઉદ્યમ જોઇ. ૩

વળી સ્ત્રીઓને છોકરાં, સંપી કરે વિચાર:
શુભ સ્થિતિમાં લાવવા, ન્યાત આપણી યાર. ૪

તોતો તરતજ નિપજે, ન્યાત બધી વિદ્વાન,
મુરખતો રહે નહિ, થશે બધા ધનવાન. ૫

પ્રકરણ ૬ ઠું.

મિથ્યા કુળાભિમાન.

હે સુકુળીન ટોળક દ્વિજજનો તમે બધા બ્રાહ્મણોમાં સરવ શ્રેષ્ઠ અસલથીજ છો. કેમજે તમો મહા વિદ્વાન અને તપસ્વી ઋષિ જનોથી ઉતરી આવેલા છો. કે જે તપસ્વી ઋષિ જનોએ પોતાની વિદ્વતાના સ્વતંત્ર વિચારથી મહાપ્રતાપી મૂળરાજ રાજાનું દાન નહિ લેતાં ટોળું વાળી જુદા થયા. ને દાન જેવી મહા નીચ વસ્તુ તે બીજી નથી. તેથી સ્પષ્ટ જણાય આવે છે કે ચોરાસી નાતના બ્રાહ્મણોમાં તમો સર્વથી શ્રેષ્ઠ તથા કુળીન છો. એમાં કંઇજ શક નથી. પણ "સાપ ગયાને લીસોટા રહ્યા" એ કહેવત પ્રમાણે તમો હાલમાં છો. કેમજે તમારા વડુવાઓતો સુવિદ્વાન તથા સદાચરણી હતા તેથી તેમને ઉત્તમ કુળ પ્રાપ્ત થએલાં હતાં પણ તમારામાંથી હાલતે કેટલાક માત્ર નામનાજ કુળવાન રહ્યા છો કેમકે જે લોકો હાલ પોતાને કુળવાન સમજે છે. તેમનો ઘણોખરો ભાગતો સુવિદ્યા તથા સદાચરણ રહિત છે. એટલુંજ નહિ પણ તેમાંના કેટલાક તો છેક અભણ તથા ભણતનું પૂછડું આંમળનારા હશે. તોપણ તે પોતાના મિથ્યા કુળાભીમાનને લીધે કોઇપાઇમાંથી હાથ બહાર કહાડતા નથી. ને તમાચા મારીને પોતાનાં મોઢાં લાલ રાખેછે. તથા તેમના નસીબ મૂર્ખ તથા અજ્ઞાની લોકોનો કાંઇ નાતમાં તોટો નથી. તેથી એવા મિથ્યા કુળાભીમાનીઓને તેવા મૂર્ખ લોકો વગર વિચાર કરવે માત્ર નામનાજ કુળીન જાણી કન્યાઓ આપેછે. તેથી તેવી કન્યાઓ જ્યારે પોતાના પીયરથી સાસરે જાયછે એવા નામના કુળીનને ઘેર જઈ અન્ન, વસ્ત્ર તથા આભુષણ વગરે હેરાન હેરાન [illegible] ત્યારે નીસાસા મુકી હાય અફસોસ કરેછે કે આ હાય હું તે આ [illegible] [illegible] પાપડે ! અમાર [illegible] લાગે ત્યારે [illegible] [illegible] કન્યાઓ [illegible]

...માં વળી પાછળથી તે બાઈને જીવતાં સુધી લુગડાં કરવાં પડે તથા વાપરવાને પૈસો ટકો આપવો પડે ને વખતે બિમણુ ત્રમણુ દાણા પણ પહોંચતા કરવા પડે. તેવામાં વળી તે બાપારો અચરવાળ હોયતો તેના દુઃખનો કાંઈ પાર છે? એવા બીચારા કુળાભીમાનીઓના બીચારા છોકરાં ભૂખે મરે તોપણ તે કોઈપણ તરેહનો ઉદર નીર્વાહના ધંધો નહીં કરતાં પોતાની પટલાઈ કરવામાં રાત દીવસ મંડયો રહે, ને પોતે દુઃખ પામી પાછળનાને દુઃખી કરી સ્ત્રી બાળકોના અન્ન વસ્ત્ર વગરના હાય અફસોસના અવાજ આ કાનેથી સાંભળી આ કાને કહાડી નાખે. ને જ્યાં ત્યાં નાતની આદણીઓના કામમાં રાત દીવસ રઝળતો ફરે. તેનાં છોકરાં મુર્ખ રહે ને તે હેરાન હેરાન થાય, ઘરની સ્ત્રીના તિરસ્કાર ગાળો વિગેરે ઘણી પ્રકારનાં દુઃખો સહન કરેછે. આહા! જોઈલો મીથ્યા કુળાભીમાનીના ફળ "ગરૂડીને દેવને પણ ગમતી નથી" નાતમાં કોઈ લાણું કે નોતરૂં કરે ત્યાં જાય ત્યાં પાઘ ફેંટવાળાક જાતનું આ પ્રમાણિક પણું ચલાવે તેથી નવાજનો નાતઆથી પાગ ઘણાને આણ ગમતા થાય એટલુંજ નહિ પણ આવા નિરાશ કુળાભિમાનીઓને મરતી વખતે રાબડી પોતાને પાસે પૈસો પણ હોતો નથી. તો ઓસડ કરવાને તો ક્યાંથીજ હોય! તેથી કરી તેઉ વગડાના રોઝની માફક ખોરાક પાણી વગર ખાટલામાં ટગવળતા મરી જાયછે. આહા જુવો સર્વ શક્તિમાન ઈશ્વર તરફથી મિથ્યા ...માનીને સજા ???

દોહરા.

કુળીન સમજવો કોણને, અકુળીન કોણ કહેવાય
જુવો વિચારી જુક્તિથી, સફળ મનોરથ થાય. ૧

શદ વિદ્યા શુભ નીતનો, હોય નિકટ ભંડાર;
ઘરનાં વિવેકી જનસઉ, કુળીન ખરો તે ધાર. ૨

સતોષી શિળ શીલ દયા, સેવે દિન નિશ ઈશ;
એમ આદિ લક્ષણ ઘણાં, કુળીન તણાં દશ વિશ. ૩

અભણ અનેક અભાગિયા રોજકરે કંકાસ;
શીળ દયા સમજે નહિ, એજ નિચનો દાસ. ૪

સોડાઈમાં સમજે નહિ, નાત તણી નિરધાર;
તોપણ મમત મુકે નહીં, એજ મુર્ખ સરદાર. ૫

એ આદી લક્ષણ ઘણાં, મીથ્યા કુળ અભીમાન;
સર્વ ગણીને આપતાં, ગ્રંથ બનેજ નીદાન. ૬

માટે સંક્ષેપે કહ્યાં, ખરાં હતાં નીરધાર;
...ના કોઈ, દીલમાં કરી વીચાર. ૭

...ને કહું સર્વે.

प्रकरण ७ मुं.

ન્યાતે ભોજનમાં શક્તિ કરતાં વધારે ખરચ કરી દેવાદાર થવાનો ડર નહીં રાખવાની મૂરખાઈ.

પ્રિય સ્વજ્ઞાતિ જનો, ન્યાતી ભોજન કરવાનો જે રીવાજ પેહેલ કાહાડી હશે તેનો મતલબ બીજો કાંઇજ નહીં પણ પોતે એકલ પેટા નહીં થતા પોતાને મળેલી ઈશ્વર કૃપાનો લાભ સ્વજ્ઞાતિ જનોને ભોજન જેવી જીંદગાનીના જરૂરીઆત વસ્તુથી પુરો પાડવો એજ હશે. એમ જણાય છે એટલુંજ નહીં પણ સગાં સબંધીઓનું કુટુંબ વર્તમાન એક બીજાનું મળવુ થવાથી પરસપર સ્નેહ ભાવના વધારો થઈ. આ જંજાળી દુનિયાના દરરોજના લાગેલી ખટપટોથી જીવને થોડીક વાર સુધી પ્રિય-જનોની સાથે રહી આનંદ આપવો એજ છે, વળી આ સમુદાય એકઠો મળવાથી સ્વજ્ઞાતિમા ઇશ્વરી કૃપાવાળા કેટલા માણસો છે તેપણ તેમની રીત ભાત તથા વસ્ત્ર આભુષણો વડે પરખાઇ આવે છે. તેમજ જે માણસો ઇશ્વર કૃપા રહીત છે તે લોકોએ ઉપર કહેલા ઇશ્વર કૃપા વાળા માણસોના સુખવૈભવ પોતે આળસ છોડી તેવા થવાનું યત્ન કરતાં શીખે છે. આ આ આદિ ન્યાતિ ભોજન કરવાથી બીજા અનેક લાભ છે. પરંતુ તેવાં ન્યાત ભોજન ફક્ત જે માણસોને ઇશ્વરે શક્તિ આપી હોય તેમણેજ કરવા જોઇએ, ને જે માણસ અશક્ત છે તેમણે નકરવા જોઇએ. આ ન્યાત ભોજનના પેહેલ કરનાર મૂળ પુરૂષના મતલબ છે તે હાલના લોકો નહિ સમજતાં વગર વિચાર કરજ માથે કરજ થવાનો ડર નહિ રાખતા કુવાની માફક પાછળ જઈને વાદેવાદ જંપલાવી દે છે. તેથી "લાંબાની વાટે ટુંકો જાય મર નહિ પણ સોજો થાય" એ કેહેવત પ્રમાણે કરજના માટા થાય નહિ પણ તેનું વ્યાજ ભરી ભરીને તેના સાત પેઢી સુધી છોકરાંનાં છોકરાં મરી જાય છે, પછી આવા અવિચારના ખરચ કરનાર પુરૂષનાં છોકરાંને કાંઇ મોટો હુન્નર કે વિદ્યા શિક્ષા વગર જલદી જલદી આ કરજનો બોજો નહિ સહન થવાથી કંઇ પણ ઊંચું નીચું કામ નહિ જોતાં ધંધે લાગી જવું પડે છે. તેથી એક પછી એક પેઢી દર પેઢી ખાનદાની ઓછી થતી જઈ આખરે તે કુટુંબ ઘણીજ કંગાલ હાલતમાં આવતું જાય છે. ને ન્યાતિમાના સઘળા માણસો સારી પેઠે જાણતાં છતાં તેવા ઝંપલાવનારાઓને શિખામણ નહિ દેતાં ઉલટાં જોતે બાચારો ન્યાતિ ભોજ નહિ કરતો હોય તો તેને વગર જેવો મોઢું મારીને જબર જસ્તીથી કરાવે છે. એટલું નહિ પણ જમતી વખતે તે બીચારાનાં ખોટાં ખોટાં વખાણ કરી તેને ફુલાવે છે. કે વાહ વાહ શેઠ [illegible] ફલાણાના દીકરા કહેવાઓ તમારા ઘરમાંતો થતું આવ્યું છે એ કરો શી નવાઈ. આવું ભોજન તો ન્યાતિમાં આજદીન સુધી કોઇએ કીધું નથી [illegible]
જો કોઈ ભાગો ઝાપતો તેજ દીવસે ભોજન આપવાના
છમાસી વિગેરે બીજું દરેક બાનું કહાડી [illegible]
ભારી શક્તિ [illegible] ન્યાત [illegible]

જાય. તેમારૂં ઠીક લાગશે પડશે. આહા! આવા ભોળાઓને ભમાવી જન્મ સુધી કર-
જના ઊંડા ખાડામાં ધકેલી પાડનારને ઈશ્વરને ત્યાં કેટલો જવાબ દેવો પડશે, તેનો વિ-
ચાર કરી દશા નાગર તથા શ્રાવક વાણીયાની નાતની માફક એવો ચાલ પાડ્યો હોયકે
જ્યારે તેને મળે ત્યારે ન્યાત જમાડે, કોઇની પાસે પરાણે કરાવવું નહિ, તો ન્યાતનાં મા-
ણસો કેટલાં બધાં સારી સ્થિતિમાં આવે ઉપર લખેલા શ્રાવક તથા દશાનાગર વાણી-
આમાંથી કેટલાક પોહોંચેલા હોયછે તેનો જ્ઞાતિ ભોજનમાં ખરચવા ધારેલી રકમનો દશમો
હિસ્સો જે દિવસથી જ્ઞાતિ ભોજ આપવાનો વિચાર મુકરર થાયછે ત્યારથીજ વ્યાજે મુક્યા
કરેછે. તે રકમનું વ્યાજનું વ્યાજ ચડતાં ચડતાં વધીને આખરે ખરચવા જેટલી રકમ થ-
ઇને આસલ રકમ જમતી રહે તેટલું થાય ત્યારેજ જ્ઞાતી ભોજન કરે છે. જુઓ આ કેવી
સારી યુક્તિ છે, આ યુક્તિથી જ્ઞાતિ જનોમાં કેટલી બધી રકમનો બચાવ થઈ ઘણું ઉત્તમ
ભોજન કર્યા છતાં પણ જ્ઞાતી જનો કંગાલીયત હાલતમાં આવતા બચીજઈ ધનવાન થાય છે

દોહરા.

આપો ભોજન જ્ઞાતિને, શક્તિ પ્રમાણે આપ;
એમાં કાંઈ ખોટું નથી, શાસ્ત્ર પુરાણે છાપ. ૧
(પણ) અશક્ત માણસ પાસથી જોણી કેઈ અદભુત,
ન્યાત કરાવે જોરથી, ગીને નહીં અચુત. ૨
આવા પાપી પુરૂષને, ઈશ્વર આપે આપ;
(માટે) ભોળાને ભરમાવતાં, ડરો કહુંછું સાચ. ૩

પ્રકરણ ૮ મું.

જ્ઞાતિજનમાં એકબીજાનો ભરૂસો ઉઠી જવાથી કોઈ પણ મહાન સ્વજ્ઞા-
તિજન જ્ઞાતિભાઈને પાછો રાખી ઊંચે દરજ્જે ચઢાવતા ડરેછે. તે ડરૂ
નહિ રાખવો પડે તેવા ગુણોની સ્વજ્ઞાતિભાઈમાં અછત.

આજ કાલ આપણા લોકમાંથી ઊંચે દરજ્જે ચડેલા મહાન પુરૂષોમાંથી ઘણા ખરાના
મનમાં આવો ડર પેસી ગયેલો હોય તેમ જણાયછે, કે જો કોઈ પણ સ્વજ્ઞાતિભાઈને ઊંચે
દરજ્જે ચઢાવવા આપણા હથવાળે રાખીશું તો તે આપણુંજ ખાદશે. આવાત ઘણે ખરે
જણે સાચી પણછે એમ લાગેછે, કેમકે ઘણા ખરા આપણા જ્ઞાતિજનોમાં મહાન
જનો પાછળ નિંદા કરવાનો તથા તમરી મહાતાના ઇતરાજ કરવાનો એક સ્વભાવિક
રહેલો હોયછે; પણ હું ધારૂં છુંકે એ ભૂંડા ગુણનો ત્યાગ હવે આપણી આ સભામાં
જનોનું પરસ્પર મળવું થવાથી એક બીજાના દીલના ઉભરા ખુલ્લા થઈ દૂર
[illegible] રાખવાનું કંઈ વધારે કારણ નહીં રહેશે. એમાં કાંઈ શક નથી.
[illegible] વિનતિ કરૂંછું કે જેમ નાગરો શ્રાવકો, દક્ષિણી-
[illegible]ઓના બીજા લોકોને [illegible]

પ્રમાણે આપણી ન્યાતમાં પણ થવું જોઇએ. હાલમાં મારા સાંભળવામાં એવું આવ્યું છેકે એક નાગર વાણીઓ, ઇંગ્રેજ સરકારની નોકરીમાંથી કોઇ સડેલા રાજસ્થાનમાં જઇ નોકર રહ્યોછે. ત્યાં તેણે ગયા પછી પોતાના નાતીલામાંથી જે કોઇ યોગ્ય જણાયા તેમને બોલાવી બોલાવીને પોતાના હાથનિચે બન્યા તેટલાને ઠેકાણે પાડી દીધા છે. આમ થવાથી જ્ઞાતિજનોમાંથી એકબાપટાના નામોસી જતી રહી પરોપકારનું કામ કરવાથી ઇશ્વરના મેહેરબાનીના પ્રાપ્ત થાયછે. આહા! ધન્ય છે આ નાગર વાણીઆને.

દોહરા.

નાગર જ્ઞાતી વણીકનો, જુઓ દાખલો આજ;
મુકળ જણું અનેકને, સપાવ્યાં બહુ કાજ; ૧
કાજ સુધાર્યાં જ્ઞાતિજન, સુખી કિધાં અપાર;
ધ્યાલા એ જન સદ્, હશે ખરા નીરધાર ૨
મોટે ભાગ્ય જ્ઞાતિજન, રાખો નમે સુખાળ;
અરસ પરસ પ્રિતી ધરી, કરો સકળને ન્યાલ, ૩

પ્રકરણ ૧ મું.

સ્ત્રી તથા બાળકો અને પુરૂષોમાં એક સરખી રીતે એક ક્ષણ વાર પણ નકામા નહીં ગુમાવતા કંઇપણ ઉપયોગી ધંધા પાછળ મંડ્યાને મંડ્યા રહેવાની ટેવ પાડવાની જરૂર.

બાઇઓ આપણા ટોળામાં વૃદ્ધ, બાળક કે જુવાન એમાંથી કોઇનામાં જરા પણ એક ક્ષણવાર નકામી ન ગુમાવતાં કાંઇપણ ઉપયોગી કામ પાછળ મંડ્યાને મંડ્યા રહેવાનો ગુણ બીલકુલ જોવામાં આવતો નથી તે પણ આપણા ટોળાને પડતી હાલતમાં આવવાનું એક કારણ જણાયછે. હાલ એ ગુણનો ખરો દાખલો ઇંગ્રેજોમાં જોવામાં આવે છે; ને તેનો ખરો લાભ તે તેમનું પૃથ્વીના ઘણાખરા ભાગપર રાજ ચાલેછે. તેથી ખુલો જણાય છે. આપણા ટોળક જનોમાં તો ન્યાતમાં કોઇ પરાક્રમી ઉઠતો તેની પીઠ પાછળ ખોદણી કરવાને મંડ્યાને મંડ્યા રહેવાનો અતિ નિચગુણ ઘણાજનોમાં પડી ગયો છે. તેનું ફળ તેવા લોકોને સ્વભાવીકજ મળે છે, એટલે નિરધન તથા વિદ્યા હિન રહેવું તે પ્રત્યક્ષ છે. વળી ન્યાતની કેટલીક મૂર્ખ સ્ત્રીયોમાંનો ન્યાતમાં રોવા કુટવાનું [illegible] કાઢવાની પાછળ મંડ્યાને મંડ્યા રહેવાનો અતિ નાશ કારક ગુણ રહેલો જણાય છે. [illegible] ન્યાતમાં કોઇ મરી જાયતો તેના શરીરને ઠેકાણે પાડવા તથા તેના કુટંબીઓને [illegible] આપવા પુરૂષો એકઠા થવાની તો ઘણીજ જરૂર છે પણ સ્ત્રીઓ [illegible] જવામાં ઘી ઢોળવા [illegible] માટે એકઠી થવા દેવી [illegible] રહેવા દેઇ ઘરકામ પરવારવા [illegible]

જલદીથી આરામ મળે. તથા છોકરાં પણ જલદીથી ખાવાનું મળવેથી પોત પોતાના ભણવા વિગેરે કામપર લાગે. હે પ્રીયજનો જેટલો મંડયા રહેવાનો મત આપણે જ્ઞાતિ વેવહારમાં રોવા કુટવા જવાનો તથા રાત્રે ન્યાતનાં નોતરાં ખાવા જવાનો રાખ્યે છીએ તેનો હજારમો ભાગ સારા કામ પાછળ મંડ્યાને મંડ્યા રહેવાનો રાખીએ તો કેટલા બધા સુખી થઈએ ॥

દોહરો

ઉદર પોષણ કારણે, કરો પ્રયાસ અપાર;
વરજો જ્ઞાત વ્યવહારનો, ખોટો ખડસ ખુવાર

પ્રકરણ ૮ મું.

નહાન પણથીજ છોકરાંને જલદી જલદી પરણાવી દઈ ન્યાતમાં મોટી આબરૂ મેળવવાની ઘેલછાઈ.

આ મારા દયાળુ અને સદ્‌ગુણી સ્વજ્ઞાતિ જનો ઘણીજ નાની ઉમરમાંથી છોકરા અગર છોકરીને જલદી જલદીથી પરણાવી દેવાનો મતલબ દરેક માબાપની ઘણીજ જુદી જુદી તરેહની રહેલી હોયછે. જેવીકે કેટલાક છોકરાના માબાપો પોતાના છોકરાને ઘણીજ નાની ઉમરમાં પરણાવવાને એટલી બધી ફીકર રાખેછે કે તે પછી ન્યાતમાં ગમે તેટલા મોટો કુળીન હોય તો પણ અંદર ખાનેથી તે કામમાં પાર પડવા સારૂ છુપી રીતે છોકરીનાં માબાપોને લાલચ આપવા સારૂં જરૂરીઆત નાણું મેળવવા માટે પોતાનું ઘર વેચે, ખેતર ઘરેણે મુકે, દોકડા બે દોકડાના વ્યાજે કાઢે અગર ગમે તેમ કરીને પણ છોકરીઓનાં માબાપોને ઘરાણાં તથા લુગડાં કે ખાનગી ખરચ વિગેરેમાં મદદ કરવા નાણું આપવા કબુલ થઈ હરેક તતબીરથી પોતાના છોકરાનો વિવાહ કરી જલદી જલદીથી પરણાવી દેવાની તતબીર કરે છે. એવા ઇરાદાથી જે આપણા છોકરાને આપણે ઘણીજ નાની ઉમરથી પરણાવી દઈશું તો ન્યાતના બીજા લોકો એમ સમજશે કે ભાઈ ફલાણાનાં છોકરાતો ઘોડીયામાંથી ઝડપાય છે. તેવી ધુમ ચાલવાથી આગળ ઉપર બીજી વખતના છોકરામાં એટલી અડચણ નહિ પડતાં ઘણાજ નફા સાથે આવા કામમાં પાર પડીશું. હેબ ચોગે આવા મનસુબામાં સ્વજ્ઞાતિઓમાંથી જે સખસો પાર પડે છે તો તેવા લોકો મનમાં એમ સમજે છેકે, મે મારા છોકરાને સારૂ આ દુનિયામાં જે ઘણી મોટી ફરજ હતી તે બજાવી ચૂકયો. હવે મારે તેના વિષે કંઈજ કરવાનું બાકી નથી. મારો છોકરો સંસારમાં ઠેકાણે પડી ચૂકયો. હવેતો એના કરમમાં હશે તેવી સૂકી બાજરી ગમે તેમકરીકમાઈખાશે. આમ કરી પોતાના મિથ્યાભિમાનમાં આવા જ્ઞાતિઓ પોતાનેપાર પડેલા સમજી જયાંહાં ત્યાંહાં પોતાના છોકરાના અતિ ... પણ આવા અવિચારી લોકો સમજતા નથી કે ... બાળકની શીઅવસ્થા થશે, તે વિચારા

બાળકની પસંદગી વગર તેના બાપે જ્યાં ત્યાંથી નાનું મોટું નહિ જોતાં એક ઝાંખરૂ વળ-
ગાવી દીધું તેથી આવા બાળકને જ્યારે ખરા ભણવાનો વખત આવેછે ત્યારે, આ ઝાંખરૂ
તે બીચારને વચ્ચે પડી નડેછે. તેની વિદ્યાભ્યાસ કરવાની પ્રિતિ ગમે તેટલી હોયતો પણ તે તેને
ભણવામાં લક્ષ ન આપે તેને વાસ્તે ગમે તેવા જૂદા જૂદા ચાળા ચેટક કરી તેને ભરમાવેછે.
તેથી તે ભાઇ સાહેબ ઘણીજ નાની ઉમરમાં સંસાર ભોગવવામાં મસગુલ થઇ વિદ્યાભ્યાસ
પડતો મૂકે છે. ને તેને ઘણીજ જલદીથી પ્રજા થવાનો આરંભ થાયછે ને તે પ્રજા એટલી
બધી ઝડપથી વૃદ્ધિ પામેછે કે ભાઇ સાહેબ પોતેજ હજી તો ખરચા રૂપજ છે તો તેને
બદલે તેમને પોતાનેજ બે ત્રણ ખરચાં થઇ જાયછે. ને વળી તે અતિ રોગી હોયછે એટલુંજ
નહિ પણ પોતે તથા પોતાની સ્ત્રી એ રીતે બેઉ જણ ઘણીજ કાચી ઉમરે સંસાર
ભોગવવામાં પડવાથી ઘણાંજ અશક્ત તથા કમજોર થઇ જાયછે. તેથી કરી આવા
કમનસીબ સખસો પોતાના માબાપોની મૂર્ખાઇને લીધે અવિદ્વાન રહી જઇ સંસારના નહિ
ઉચકાઇ શકાય તેટલાબધા બોજા નીચે દબાઇ જઇ પાયમાલ થઇ જાયછે. એટલે તે તથા
તેની સ્ત્રી કમજોર તથા નિર્ધન થઇ જાયછે. ને તેથી કરી તેમનાં ખરચાં રોગી થઇ જાય
તેમની પણ અવસ્થા પેલી દરપેઢી ઘણીજ ખોટી અવસ્થામાં આવી આખરે એવું કુટંબ
હતું ન હતું થઇ જાયછે. જુવો ભાઇ આવું મોટું નુકસાન જે લોકો નાનપણમાં ઘણીજ
જલદીથી પોતાના છોકરાં પરણાવી દેછે તેના માબાપથી થાયછે. તોપણ તે ચાલ બંધ
થઇ જેટલી કાળજી નકામી મોટાઇ મેળવવા પાછળ રાખેછે તેનાથી હજાર ઘણી ઓછી
જો તેવા લોકો પોતાના છોકરાને ભણાવવા પાછળ રાખતા હોયતો કેવાં સારાં ફળ પ્રાપ્ત
થાય! જ્યાં સુધી ઘેર સ્ત્રી નહિ આવે ત્યાં સુધી નિરાંતે વિદ્યાભ્યાસ કરવાને બની શકશે.
એટલુંજ નહિ પણ કાચી ઉમરે સંસાર ભોગવવામાં નહિ પડવાથી શરીરપણ તનદુરસ્ત તથા
જોરાવર રહેશેજ, વળી જેટલું ખરચ પરણવા પાછળ કરેછે તેનો મોટો હિસ્સો ભણવામાં
ખરચશે તો તે સખસ કેટલો મોટો પરાક્રમી થઇ આવી સ્ત્રી જેવી જરૂરની વસ્તુ પોતાને
પસંદ પડતી ઘણીજ સહેલાઇથી સહજ મેળવી શકશે. ને તેથી કરી તે તથા તેની પ્રજા
ઉતરોત્તર સારી સ્થિતિમાં આવતી જઇ આખરે આખી જ્ઞાતિ એવાં ઘણાં કુટુંબોનો
જમાવ થવાથી બેશક સારી સ્થિતિમાં આવશે.

હવે જે લોકો છોકરીઓને નાનપણથી પરણાવી દેવાની તજવીજ કરેછે તેમની મતલબ
એછે કે પોતાની છોકરીને કુલીન વર સારૂં ઘર વિગેરે મળવાથી ન્યાતમાં પોતાનો મરતબો
વધારી દઇ લાવો લેવાની ઇચ્છા હોય છે. આવો ગેરવાજબી લાવો લેવાની ઇચ્છ
રાખનારાઓ તથા ન્યાતમાં સારો વર તથા ઘર જોઇ પોતાની મતલબ સાધનારાઓ ખરેખ
પોતાની પ્યારી પુત્રીના કટ્ટા દુશ્મનો છે. કેમકે તેમની મતલબ પાર પડી પૈસી ગમે
પૈસાથી કે ઉપર કહ્યા પ્રમાણે ન્યાતમાં વગ સગ વધારવાની એટલે
પર પોતાની દીકરીનો નફો નુકસાન નહિ વિચારતાં
મતલબીયા જેકે પોતાની દીકરીઓને સ

ઉપર આવા છોકરાઓ મોટી ઉમરે થવા પછી સાસરે જાયછે ત્યારે તેમના કેવા હાલ થાયછે. તે ઘણા માણસો જાણેછે. તોપણ ટુંકામાં એટલુંજ કે ઘણીઓ ને પોતાના સ્વામીના સાથે અણબનાવ થાયછે. અને બીજા અનેક તરેહના દુઃખ પડવાથી આખરે પોતાના પ્રાણ કુવેકે હવાડે પડી કે ઝેરખાઇ ત્યાગ કરેછે ત્યારેજ તે બાઇ છુટેછે. આહા! જોઇએ બાળ લગ્નથી નિપજતાં દુઃખ! આનો ઘણોજ સંક્ષેપ વર્ણવ્યા છે. પણ જો એ ઉપર વિસ્તારે લખીએ તો એક મોટો ગ્રંથ થઇ જાય.

દોહરા. (સાખી ઢાળના.)

અહો સ્વાર્થીઆ પિતા, હૃદયમાં કરો વિચાર
બાળક અજ્ઞાની તણા, પ્રાણ તણા આધાર ૧
સ્વાર્થ કારણ કરો નહિ, [illegible] વિચાર [illegible]
બગડે જનુઆ એમનાં, [illegible] ૨
આ ઉ કર્મનું ફળ થશી, [illegible] તમને નાહિ,
સોધ [illegible] ૩
(માટે) બાળ લગ્ન બાપા તજો, [illegible]
નાત પ્રજાઓ સુધરશે, [illegible] ૪

પ્રકરણ ૧૨ મું.

કમ અક્કલ તથા અભણ માણસના હાથમાં ન્યાતની શેઠાઇ આપવી [illegible]
જોખમ ભરેલું

કામ.

ભાઇઓ "જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કુવામાં" આ કહેવત કાંઇ ખોટી નથી. ન્યાત જે ઘણા બાપદાદાના કુટુંબોથી બંધાઇ માણસોનો એક મોટો સમુદાય થયેલો હોયછે તેની સઘળી મોટાઇ, તેનું સઘળું સુખ યા દુઃખ કે બિગડવું હરેક તરે હવું બુરૂ કે ભલું થવું તે સઘળાનો આધાર તે ન્યાત કે સમુદાયના વડા ઉપર રહેલો છે. આવા વડો ન્યાતમાં પટેલ કે શેઠને નામે ઓળખાય છે. ને તેને તે જોખમ ભરેલો મરતબો ફક્ત ન્યાતમાં તેના ઘણા સગાવહાલાઓના વગ વસીલાથી મનાઇ ગયેલો હોયછે. તથી તે માણસ ગમે તેટલો દુષ્ટ, ગેર ઇનસાફી અનિતિવાનકે અભણ હોય તોપણ ઘણા દીવસ સુધી એ મરતબો અંધ પરંપરા પેઢી દરપેઢી નિભ્યો જાયછે. કેમકે આવા માણસોને તેનો મરતબો જાળવી રાખવાને ન્યાતમાં જે તેના સામા થાય એવા હોયછે તેને હરીતે શાંત રાખવાની રીતી ઘણી સારી આવડતી હોયછે. એટલે ન્યાતમાં કંઇ લાંણું [illegible] પોતાને જેની ગરજ હોયછે તેને ઘેર ટાળી કહાડીને સૌથી સરસ [illegible] ખટપટ કે બાતમી હોયછે તે તેવાઓને ઘેર જઇ અગા- [illegible] માંથી કોઇ માણસ, ન્યાતનો કંઇ કા-

પડ્યા કે મારો તોડે તોપણ તેને કોઈ પુછતું નથી. આ અભણ શેઠીઆઓ ન્યાતની અં-
દરના બિન વસીલાદાર ગરીબોને ઢુંઢી ઢુંઢીને વારંવાર દબાવી દબાવી પૈસા ઓકાવવાનો
ધંધો ચલાવે છે. તોપણ તેને કોઈ પુછતું નથી. જુવો ભાઈઓ આવા એકલ પેટા તથા
અનિતિવાન શેઠીઆઓ જે અંધ પરંપરાથી ચાલ્યા આવે છે. તે લોકોને આવા સુધરેલા
જમાનામાં એવો જોખમ ભરેલો મરતબો ન્યાત જનોમાના સઘળાના મત પુછ્યા શિવાય
આપ ખુદાઈથી મેળવી લે તેથી આપણા ટોળાને કેટલું બધું નુકસાન છે. આપણા જ્ઞાતિ-
લાઓને કન્યાઓની અછતને લીધે જે અત્યંત દુઃખ સહન કરવું પડે છે તેનું કારણ બીજું
કંઈજ નહિ પણ આજથી વીસ પચીસ વરસ ઉપર જ્યારે આવા આપ ખુદી શેઠીઆ
ઓનો અતિ ઘણો જુલમ ચાલતો હતો ત્યારે ઘણી સ્ત્રીયોએ પોતાના પ્યારા પ્રાણ તેવા
પાપી ઓના તરફનાં દુઃખ સહન નહિ થવાથી તજ્યા છે. તેથી ગરીબ અબળાઓના અંત
કાળના અઘોર નિશાશાનાં ફળ તે તેવા પાપીઓને લીધે આપણે હાલ ભોગવવાં પડે છે.
અદલ ઈશ્વરે સ્ત્રી પુરૂષોની સંખ્યા પૃથ્વી ઉપર સરખી સરજાવેલી છે. છતાં આપણને
ઈશ્વરે તેનો તોટો પાડ્યો છે એ ખુલું છે. માટે હે ભાઈઓ હવે સમય બદલાઈ ગયો
છે. ઘણાના મન જ્ઞાન રૂપી દીપકથી પ્રકાશીત થયાં છે માટે હવે અજ્ઞાનને દુર નસાડી
મુકવા દરેક ઠેકાણે જ્ઞાતિના શેઠનું ઘણુંજ જુમા ભરેલું કામ સર્વનુ મતથી જ્ઞાતિમા જે
વિદ્વાન તથા સુનીતિવાન અને ધનવાન હોય તેવાને સુંપાય તો બેશક તેવા જનોના વિચાર
પ્રમાણે સઘળા માણસોને ચાલવાથી આપણી હાલત સુધરવામાં કાંઈ વિલંબ નહિ થાય.

દોહરા.

જાતિલા જ્ઞાની થઈ, સંપ ન રાખો કેમ;
શેઠપણું સુંપો તમે, સજ્જનને સપ્રેમ. ૧
તો નો નમ કારજ સરે, અહો નિશ વધે ઉમંગ;
ન પડે તટા ન્યાતમાં, આનંદ વાધે અંગ. ૨
મુરખ જનના હાથમાં, ન્યાત તણી શેઠાઈ;
રહેશે ઝાઝા દીનતો, ભુંડી થશે ભવાઈ. ૩
માટે ચેતી પહેલથી, દિલકશી દરિયાફ;
શેઠાઈ સુપવા ન્યાતની, અદલ કરો ઈન્સાફ. ૪
કરો ન વગડો કોઈની, વગતી કરો વિચાર;
કોને સોંપેશો થશે, જ્ઞાતિ તણો ઉપકાર. ૫
યથા અપાય સભા વિષે, પ્રમુખ તણું શુભસ્થાન;
ઘણા મતો મળવા થકી, સમજો ચતુર સુજાણ
એજ પ્રમાણે આપજો, ન્યાત ત[illegible]
ઘણાં મતો મળવા [illegible]

પ્રકરણ ૧૨ મું.

બાયડીઓને સુવિદ્યા શીખવી સદાચરણી તથા નીતિમાન કરી સુવિદ્યામે લગાડવાના આવશ.

ભાઈઓ ! સ્ત્રી તે સંસારમાં દરેક ઘરનો પ્રધાન છે, જેમ સારા પ્રધાન વગર મોટા મોટા રાજ્યોની ખુવારી થઈ જાયછે તેમ સદાચરણી સ્ત્રીઓ વગર ભારતમાં ઘણા ઘણા કુટુંબોની ખરાબી થઈ જાયછે. મુર્ખ સ્ત્રીઓ વિદ્યાજ્ઞાનમાં તથા ધંધા રોજગારમાં મદદ નહિ કરતાં ઉલટી હરકત પાડેછે. ઘણી મુર્ખ સ્ત્રીઓથી કેટલાક કુટુંબોમાં મોટા મોટા કુસંપના ઝાડ રોપાઈ ગયા છે ઇત્યાદિ ઘણાજ અવગુણો અંતગઃ સ્ત્રીઓ મુર્ખ રાખવાના અંધ પરંપરાનો રિવાજ ચાલતો આવવાથી હાલ જણાયછે. માટે હાલના સમા વિચારી સ્ત્રીઓને વિદ્યાભ્યાસ કરાવવાથી ઘણાજ ઉત્તમ ફળ પ્રાપ્ત થશે તેવા કે માતાઓ જ્ઞાની થવાથી તેમના બાળકોને વિદ્યાભ્યાસમાં મદદ મળશે. કુટુંબના પાલણ કર્તા કંઈ દૈવ યોગથી અચાનક નાશ પામશે તો આવી ભણેલી સ્ત્રીઓ સુવિદ્યાથી પોતાના કુટુંબને પડેલા દુઃખમાંથી બચાવવાને એક યોગ્ય સાધન થઈ પડશે. એટલુંજ નહિ પણ એવી ભણેલી તથા સદાચરણી સ્ત્રીઓ દુઃખના વખતે એક સુમિત્રની ગરજ સારી પોતાના કુટુંબને પોતાથી બનતી સઘળી મદદ કરવામાં ચુકશે નહિ.

દોહરા

ભાઈ ભણાવો ભાવથી, અબળા કન્યા આજ;
દુઃખમાં કહું એથી, સુધરે સઘળાં કાજ. ૧

માતાઓ જ્ઞાની થયે, પ્રજા થશે વિદ્વાન;
સુચાલ ચાલી ઘર વિષે, વડાઈ પામશે માન. ૨

કુસંપ ને કંકાસનું, જશે સમૂળું મૂળ;
સુચાલ પકડી સ્નેહથી, દિપાવશે નિજકૂળ. ૩

ઉપજ ખપનો ચોપડો, રહી પોતાને હાથ;
ખપ કરશેજ વિચારથી, સુખી કરવા નિજનાથ. ૪

એ આદિ વિશેષ લાભ, ભણવામાં છે ભાઈ;
માટે ભણાવો ભાવથી બાળક કન્યા બાઈ. ૫

પ્રકરણ ૧૩ મું.

સ્ત્રીઓ તથા બાળકોને સુવસ્ત્ર તથા સુઆભુષણ આપી દિપ્યમાન નહિ કરવાની અઘટિત બખીલાઈ.

બાળકો તે તમારા ઘર રૂપી બાગનો શોભીત સણગાર છે, પછી તમારી પાસે જમે રોકડી

શાહેબી અગર દોલત હોય તોપણ તે કશા કામનીજ નથી. કેમકે દોલત અગર સાહેબીના ઉપભોગ ફક્ત તે પેદા કરનાર એકલાથીજ લેવાઇ શકાતો નથી. તેથી ઈશ્વરે સૃષ્ટિના આરંભેજ સ્ત્રી તથા બાળકોની રચના બનાવી છે. એ રચનાથી સઘળા સંસારની ખુબી રહેલી છે એટલુંજ નહિ પણ જો તેઉ સુઘડ તથા વિદ્યાભ્યાસી હોય તો મનને અતિ આનંદ ઉપજે છે. વળી તેમને સુવસ્ત્ર તથા સુઆભુષણ આપી પ્રસન્ન રાખવાથી આપણું મન જે આ દુનિયાની જંજાળથી કંટાળી આવ્યા બાદ એ પ્રીત પ્રેમના વાક્યો બોલી ખુશ કરેછે. અને આપણું દુઃખ વિસરાવી દેવામા તથા ઘરના જરૂરીઆત કામમાં મદદ કરે છે. આપણું બધું સુખ દુઃખ તેમના પર આધાર રાખે છે. ટુંકામાં સંસારનું સરવોત્કૃષ્ટ સુખ તે સ્ત્રીઓ તથા બાળકોજ છે તેમ છતાં આપણ એકલપેટા થઈ તેમને સારા આભુષણો કે વસ્ત્ર ન આપે એ તેમજ ખાવાપીવામાં તથા શુભ મોજ શોખમાં પણ તેમને આપણી સાથે ભાગ લેવા ન દઈએ તો તેથી તેમની તમારા ઉપર કેવી પ્રિતિ થશે? માત્ર ઉપરનીજ. પણ ખરા અંતઃકરણની નહીંજ. જો આવી હોયતો પછી તમારી દોલત અને હોકમાઈ શા કામની? માટે હે પ્રિય સ્વજ્ઞાતિજનો તમો તમારી સ્ત્રીઓ તથા બાળકોને તમારી શક્તિ પ્રમાણે સારા આભુષણો તથા વસ્ત્રો આપી તૃપ્ત કરો. કે જેથી કદી તેઉ તમારૂં ઘર દીપાવી તમને પ્રસન્ન કરે. આ બોલવાનો મારો મતલબ એછે કે ઘણાં માણસો વડીલને લાયક વસ્ત્રો તથા શરીરને ઈજા ન થાય તેવાં યોગ્ય આભુષણો આપવામાં ઘણીજ કંજુસાઈ રાખેછે. તેથી ન્યાતના મોટા ભાગ કંગાળ હાલતમાં બીજાઓની નજરે જોવામાં આવેછે. તેથી ઊંચે દરજ્જેના લોકોમાં આપણી ન્યાત વિષે હલકા મત બંધાય છે. એટલુંજ નહિ પણ સ્ત્રી પુરૂષોનાં મન એક બીજાથી વિરક્ત રહી ઘર સંસારમાં એકસંપ થઈ દોલત કે આબરૂ મેળવવામાં નુકશાન થાય છે. વળી સુવસ્ત્રો તથા સુઆભુષણો આપવાના રીવાજથી સ્ત્રી તથા બાળકોના મનમાં હમેશા તે મેળવવાને ઘર ખરચમાં કરકસર કરવાની ટેવ નાનપણથીજ પડી જાયછે. ને આ જોઈ તેમની પ્રજામાં પણ ઘણી નાની વયથી એ ગુણ આરોપણ થવાથી ઘણીજ થોડી મુદતમાં આપણી ન્યાત હાલત બંધ થઇ જાયછે.

દોહરા.

શુભ ભુષણ શુભ વસ્ત્રને, આપો કરી વિવેક;
તે પેરી પ્રિય બાળકો, દિપાવે ઘરી ટેક. ૧
વળી મેળવવા ભુષણો, અને સુવસ્ત્ર અનેક,
કર કસર કરશે ઘણી, એક એકથી એક. ૨
આથી દોલત આપણી, અહો નિશ વધશે એમ;
અરસ પરસ પ્રિતિ ઘરી, ઉદ્યમ કરશે તેમ
અરે પ્યારા જ્ઞાતિઓ વૃદ્ધિ

દો. ભૂષણ સ્ત્રી બાળને, તજી શોક સંતાપ. ૪

समाप्ती प्रकरण.

હે ! પ્રિય સ્વજ્ઞાતિ શુભેચ્છકજનો આજે મેં જે ભાષણ તમારા આગળ કીધું તેમાં આપણી જ્ઞાતિની પડતી સ્થિતિ આવવાનાં મુખ્ય મુખ્ય બાર કારણો સંક્ષેપે વર્ણવા દ-ખાડ્યાં ને તેમા દરેક કારણનો ટીકામા મારી શક્તિ મુજબ યથાર્થ વર્ણન કિધુ. વળી તે દરેક કારણની સમાપ્તિની આખરે થોડી થોડી કવિતાઓ કરી સંભળાવી. તે કવિતામાં દરેક વર્ણનનો ટુંક સાર, તે ઉપર શાથી ઉપાયો યોજવા; વિગરે સંક્ષેપે. બતાવ્યુ આ સઘળા ઉપર વિચાર કરતા તમને સહેજ જણાશે કે આપણી જ્ઞાતિને સારા પાયા ઉપર લાવવાને મુખ્ય સાધન વખતને અનુસરી સુવિદ્યા તથા સુહુંનર શીખવાની હાલના જ્ઞા-તિ જનોમાં પુરતી હોંસ નથી તે ઉપર તમારૂં લક્ષ ખેંચવા હું વધારે ભલામણ કરૂંછુ. કેમકે સઘળા સુખ તથા સુધારાનુ મૂળ તે સુ વિદ્યા તથા સદાચરણ છે. એટલુંજ નહિ પણ જ્ઞાતિ જનોના ભલા બુરાનો સઘળો આધાર જ્ઞાતિની અંદર આગેવાની ધરાવનાર જે ન્યાતના શેઠીઆ તે નવે સરથી ઘણાના અનુમત પ્રમાણે સદાચરણી તથા વિદ્વાન જોઈ નિમવાની ભલામણ કરૂંછું. તે પણ પ્રસંગ મળે તમો ગૃહસ્થો વિચારમાં લેશો. બીજુ તમો નામદાર ગૃહસ્થો આપણી જ્ઞાતિને દીપાવનાર જે સ્ત્રી વર્ગ તથા બાળકો તેમને રૂડી કેળવણી આપી નીતિમાન તથા સદાચરણી કરી ઉત્તમ વખાણવા લાયક ગણાવી સઘળી જ્ઞાતિને ખરા સદગૃહસ્થોની ઊંચી પંક્તિમા આણવાને તમારાથી બનશે તેટલી મેહેનત તન મનને ધનથી લેશો.કે જેથી કરી સ્ત્રી પુરૂષોમાં પરસપર સ્નેહવધી એક બીજાના કામમાં મદદ કરવાને દીલો જાનથી મચ્યા રહે. વળી ન્યાત મેળાવડામાં વિદ્વાનોને નોતરશો અને મોટા મિથ્યા કુળાભીમાનીઓને કન્યા આપવાનો અસલનો ચાલ પડેલો મુકી જે હાલમાં સુવિદ્યા તથા સુહુનર શીખેલા ઊંચી પંક્તિમા આવેલા નવીન ગૃહસ્થોને ખરા કુળવાન સમજી તેવાઓને યથા યોગ્યમાન આપવામાં ચુકશો નહિ. તમો ટોળીમાથી ટોળીઓ પાડવાનો કુસંપ તજી સઘળા સુસંપીલા થઈ જાવને જેઉને ઈશ્વરે મોટા દરજ્જા તથા ઊંચી પદ્ધિઓ આપેલી હોય તેઉએ પોતાના જ્ઞાતિલાઓને ઊંચે દરજ્જે ચઢાવવાની કાળજી રાખી તેમ કરશો કે જેથી કરી આપણી જ્ઞાતિનું ક્ષુદ્રપણું જઈ સદ્ગૃહસ્થ પણું આવે આ આદી ઘણી વાતો જણાવતાં તમારો અમુલ્ય વખત રોકાયછે. પણ છેલ્લે જણાવવાને રજા લેઊંછું કે તમો નામદારો આપણી જ્ઞાતિને સારા પાયા પર લાવનાર જે આ સભારૂપી સાધન ઈશ્વરે આપણ કીધું છે.તેનો અનાદર નહિ કરતાં સાધનનો સારો લાભ ઘણાં માણસો લઈ શકે તેવા ઉપાયો કામે લગાડો. જો ... બીજું એવું સાધન ઈશ્વર તમને કદી મેળવનાર નથી ... વિષય બારા કરતાં કાંઈ વધતા અનુભવી જ્ઞાતિ ... જાણુંછું કે બેશક તે ઘણોજ લાભ.

કારક થઈ પડશે. તથાપિ તેમાંનો કોઈ નાનો ભાગ પકડી દરેક સભાસદ વિસ્તારથી લખશે તો એવી રીતે જુદાજુદા વિષયો જુદાજુદા શખસોના હાથે લખાવાથી કાંઈ ખામી રહેશે નહિ ને તેથી કરી આ પરોપકારી શુભેચ્છક સભાનો મનોરથ ઘણે [illegible] દરજ્જે પાર પડશે. તથાસ્તુ.

સ્વજ્ઞાતિ જનોને છેવટની વિનતી.

નાથ કૈસે ગજકો બંધ છોડાયો. એ રાગ.

તજીને કુધારો સુધારો વધારો,
સજ્જન સહુ માનોને બોધ અમારો; ટેક.
આપણા બાપદાદા જેહ કરતા,
તેહ વખત હતો ન્યારો;
જ્યારની ત્યારીખ ભાઈઓ તમે સઉ,
અંતરે પાછી ઉતારો. સજ્જન સઉ. ૧
વળી જઈ પુછો વૈદને આજે,
તો કહેશે દુઃખ હજારો;
પણ હમણાં પ્રભુ પ્રસન્નતાથી;
વાઘ અજા એક આરો. સજ્જન સઉ. ૨
એ દુઃખથી છુટાશે જ્યારે,
લાગ આવ્યો આવો સારો;
ત્યારે તમે શા માટે રે ભાઈઓ,
કરોનહિ આપ સુધારો. સજ્જન સઉ. ૩
જુઓને બીજા કેવા મચ્યા છે,
કરવા જાતિ સુધારો,
સઘળું સુખ સમજી છે એમાં.
તજી દો વેમ નઠારો. સજ્જન સઉ. ૪
માણસનો મુખ્ય ધર્મ કયો છે,
કયો ધારો કુધારો;
આ ભવમાં તરવાનો મારગ,
છે ભણવામાં વિચારો. સજ્જન સઉ. ૫
બીજા દેશના સુધરેલા માણસ,
ભોગવે છુટ હજારો;
એ તણું કારણ જાણીને સર્વે.
ન વિદ્યાભ્યાસે વિસ

ગૂજરાત ઔદિચ્ય [illegible] સભામાંના. ૨જી મે સને ૧૮૭૭ સુધીમાં સ્વસ્તા- નિના જુદા જુદા ગામ વાર મેંબરો દાખલ થઈ ચુકયા છે તેનુ લીષ્ટ નિચે લખ્યા પ્રમાણે.

અમદાવાદ.

વ્યા. દેવશંકર દયાશંકર
વ્યા. નરોત્તમ નિત્યાનંદ
વ્યા. કુરણાશંકર હરીશંકર
વ્યા. માહાશંકર ઈશ્વરભાઈ
પંડ્યા. ભંડારી મયારામ
વ્યા. ગીરજાશંકર ભાઈશંકર
વ્યા. પ્રેમાશંકર નરોત્તમ
વ્યા. મુરજી ગણપતરામ
વ્યા. જેષ્ઠેશંકર પ્રાણજીવન
પં. લક્ષ્મીરામ ગણેશજી
વ્યા. વિઠલ વિશ્નુંરામ
વ્યા. ગીરજાશંકર ભોળાનાથ
વ્યા. નાથાલાલ બાપુજી
વ્યા. મગનલાલ હરજીવન
પુ. નરસીરામ દુલભરામ
વ્યા. મોહનલાલ કાળીદાસ
ભા. અંબાશંકર નથુરામ
શુ. મનસુખરામ જેષ્ઠેશંકર
પ. કુબેરજી નરસીરામ
પુ. મગનલાલ માહાશંકર
પં. ગીરજાશંકર સંતોકરામ
વ્યા. હરગોવિંદ આદીતરામ
મા. બળદેવ વજેરામ
વ્યા. માણેકલાલ મહેશ્વર
વ્યા. નાનાલાલ મનસુખરામ
વ્યા. કુરપાશંકર કાળીદાસ
ભ. મોતીરામ લલુ

ખંભાત.

શામનારાયણ મોતીરામ
લાલ ત્ર્યંબકરામ
રૂપાશંકર જેઠાભાઈ
શુ૦ [illegible]રામ કાળીદાસ
જા૦ લલુભાઈ મોતીરામ
શુ૦ ગણપતરામ નરસીરામ
શુ૦ નાથાભાઈ હરજીવન
પં૦ લક્ષ્મીશંકર પરસોત્તમ
વ્યા૦ બાળાશંકર પરસોત્તમ
પં૦ ગંગાશંકર નાગેશ્વર
વ્યા૦ રામશંકર હરજીવન
જા૦ શીવશંકર દામોદર
[illegible]ણારામ ગણપતરામ
[illegible] દામોદર

ગાતર — વ્યા૦ શીવશંકર મહેશ્વરભાઈ
શુ૦ સદાશીવ રામનાથ
વ્યા૦ સુરજરામ રામનાથ
વ્યા૦ ભોળાનાથ મહેશ્વરભાઈ
ભા૦ વલભરામ રણછોડ
વ્યા૦ નાથાભાઈ દામોદર
જા૦ મૂળશંકર તાપીશંકર
શુ૦ નરસીરામ કાળીદાસ
વ્યા૦ કીરપાશંકર ગંગાશંકર
ભા૦ પ્રભાશંકર દાજીભાઈ
ભ૦ ભાઈશંકર રણછોડ

ડભાણ.

ભ૦ લક્ષ્મીશંકર દેવશંકર

દાઓલ.

ખેડા.

પં૦ છોટાલાલ વજેરામ
[illegible] રણછોડ ગોકળરામ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]